णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# વેદના ધારા

## જિનશાસન ફીલિંગ્સ

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા


**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

18.09.2021

# FEELINGS જિનશાસન - ૧

ચારસો સાડા ચારસો વર્ષ પહેલાની ઘટના - ગુજરાતની અંદર સુબો છે. મુસ્લિમ છે, ધર્મ-દ્વેષી છે, જૈન ધર્મ એના માટે મનમાં ઝેર છે અને મુખ્ય તીર્થ શત્રુંજય, ને નક્કી કર્યું છે. શત્રુંજય ઉપર, દાદાની ટુંક ની અંદર, ઠાંસી ઠાંસી ને લાકડા-છાણા વગેરે ભરી દીધું, અને આખી ટુંકને બાળીને ખાખ કરી નાખવી.

સંઘમાં સમાચાર પહોંચ્યા છે, બધાની ચિંતાનો પાર નથી, લોહી બધાનું ઉકળી ગયું છે, આંખમાંથી આંસુ વહે છે, બે-ત્રણ દિવસ, બસ કહાય બે-ચાર દિવસ અને આ ભવ્યતા.. આ દાદા... આ દહેરું, આ બધું જ એક ઈતિહાસ બની જાય, ભુતકાળ બની જાય, બધી જ શક્યતા છે.

પૂજ્ય હીરસૂરીશ્વરજી મહારાજના કાને વાત નાખવામાં આવી છે, કે સાહેબ આ પરિસ્થિતિ છે, સાહેબ ફતેહપુર સીક્રી થી પાછા પધારી ગયા છે, ગુજરાત. પણ અકબર ની વિનંતીથી ત્યાં પોતાના વિદ્વાન શિષ્યોને

ત્યાં રાખ્યા છે. પેલા શાંતિચંદ્ર ઉપાધ્યાયજી, સેનસૂરીજી મહારાજ, પછી ભાનુચંદ્રજી, અને સિદ્ધિ ચંદ્રજી ગણિ, એમની રાખેલાં છે. અત્યારે ભાનુ ચંદ્રજી અને સિદ્ધિ ચંદ્રજી ગણિ ત્યાં બિરાજમાન છે. તાબડતોબ એમને સમાચાર મોકલવામાં આવે છે, તાત્કાલિક બાદશાહ ની વાત કરીને ત્યાંથી સુબા ઉપર ફરમાન પત્ર લાવવામાં આવે છે. આવી કોઈ પણ હરકત ભુલે ચુકે કરવાની નથી, અને કરી છે તો તમારી ખેર નથી. સુબાનો આખો PLAN એના મનની અંદર રહી જાય છે, અને તીર્થ ની રક્ષા થઈ જાય છે.

મારે તમને પુછવું છે, આજ લાગે ત્યારે આપણે કુવો ખોદવાની નિતિ-વાળા છીએ, આવી રીતે આગ કદી બુઝાવાની નથી. એક કાયદો આવશે ને રાતો-રાત બધું જ ધર્મ દ્રવ્ય, રાષ્ટ્રીય સંપત્તિ જાહેર થઈ જાય. એક કાયદો આવે ને રાતો-રાત આપણી પરંપરાગત ધર્મ ક્રિયાઓ ઉપર પ્રતિબંધ લાગી જાય, એક કાયદો આવી જાય,

અને કદાચ આપણા સાધુઓના વિહારો - અટકી જાય, લોચ અટકી જાય. એક કાયદો આવી જાય, અને અનેક અનેક સરકારી - ઇન્ટરફેરન્સ આપણા સંઘની અંદર, સંઘયુવકની અંદર, ધર્મ સંસ્થાઓની અંદર, - જિનાલયો અને તીર્થોની અંદર આવી - જાય. એક કાયદો આવી જાય, અને આપણા દરેક ટ્રસ્ટ મંડળની અંદર એવા સરકારી - OFFICERS આવી જાય, કે જે મુસ્લિમ હોય, જે કદાચ CHRISTIAN હોય, જે કદાચ ખાનારા- પીનારા હોય, જે કદાચ

બધી જ રીતે ભ્રષ્ટ હોય !

હું તમને પુછુ છું આપણે ભાવિકાળનો વિચાર - કર્યો છે ? આજુ મંત્રી મંડળ નવું આવ્યું, હું તમને પુછવા માંગુ. તમારા સંસારના, ધંધાના વેપારના ફાયદા માટે તમે એમની સાથે સંબંધ રાખો, અભિનંદન પત્ર મોકલો, એ વાત જુદી છે. શાસનના ફાયદા માટે એક પત્ર લખનાર, એક અભિનંદન આપનાર,

એક સંબંધ બનાવવાનો પ્રયાસ કરનાર, -
શ્રાવકો શાસનની અંદર કેટલા ?

તમારા ફાયદા માટે તમે બધું જ કરવા તૈયાર છો?

તમારા ફાયદા માટે તમે મોદી સુધી જવા તૈયાર છો, દિલ્હી સુધી લાંબા થવા તૈયાર ગાંધી નગરના ધક્કા ખાવા તૈયાર,

શાસન માટે અંતરમાં લાગણી ખરી ?

કેટલાક શાસન પ્રેમી યુવાનો, બહુ જ નજીકના - સમયમાં, બે - ત્રણ કલાકનો કાર્યક્રમ ગોઠવી - રહ્યા છે, સૌ સાથે મળીને ચાલીસ - પચાસ જેટલા યુવાનો, ગાંધીનગર જશે, ભગવાનની પ્રતિમા હશે, રૂમાલોથી સભવટ હશે, પ્રસાદનો થાળ હશે, આશિર્વાદનો પત્ર હશે, ધાર્મિક પુસ્તક હશે, કંકુના તિલક હશે, એક એક નવા મંત્રીને, બહુમાનપૂર્વક, ભગવાનના દર્શન કરાવવા પૂર્વક, પત્ર આપવા પૂર્વક, ભગવાનના પ્રસાદ તરીકે, તેઓ મીઠાઈનું વિતરણ કરશે.

કશી જ માંગણી નહિ, કશી જ એવી કોઈ વાત નહિ, પણ એક સંબંધ જેનાથી ભવિષ્યમાં શાસનની આવતી આપત્તિ ટળે.

આગમની અંદર સ્પષ્ટ કહ્યું,

ગન્તવ્યં રાજકુલે દ્રષ્ટવ્યા રાજપૂજિતા લોકાઃ।

રાજકુલની અંદર જવું એ પણ એક જરૂરી-વસ્તુ હોય છે, ઔચિત્ય હોય છે. બધા માટે એ વાત નથી, જે કુશલ હોય, પીઢ હોય, સમજુ હોય, શાસન માટે લાગણી ધરાવનાર-હોય, એવા મહાત્મા, એવા શ્રાવકની વાત છે.

યદ્યપિ ન ભવન્ત્યર્થા ભવન્ત્યનર્થપ્રતિઘાતાઃ।।

તમે કહો કે એનાથી શું થાય ને, હવે બધા આવા છે ને તેવા છે, એવું કશું નથી. આવા તેવા હશે પણ એનાથી કોઈ ફાયદો નથી આ વાત સાવ ખોટી છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, એનાથી કદાચ શાસનના મોટા-મોટા કાર્યો નહિ થાય, પણ,

શાસન ઉપર આવતા વિઘ્નો જરૂર ટળી શકશે

બધા ભય છે, બધા પોતાના કામો કરાવે છે, આપણે ય જઈએ છીએ, આપણે ય પોતાના કામો કરાવીએ છીએ, પણ બીજા ધર્મોને, એમના અનુયાયીઓને, એમના ધર્મ પ્રત્યેની - જે આત્મીયતા, ભવ દિલ્હી નગરને પાંચસો - પાંચસોના મુસ્લિમોના ટોળા એક સાથે મળશે, એક ISSUE માટે તેઓ પેલા લોકો - નું માથુ ખાશે, છેલ્લે કામ કરાવીને રહેશે, પાંચ હજાર CHRISTIANS ના ટોળા નગરને દિલ્હીની અંદર ભેગા મળશે, ત્યાં એ લોકો - એ વ્યવસ્થા કરી છે, ઉતરવાની, રહેવાની, - જમવાની, ને એમની કોમના હિત માટે તેઓ બધુ કરાવવા તૈયાર, આપણે ૭૦-૭૫ ટકાની ઉપર INCOME TAX ભરતા હોઈએ, ભારતનું અર્થ તંત્ર આપણા પગ ઉપર ચાલતું હોય, અને છતાં આપણે કોઈ, આપણા ધર્મ માટે, શાસન માટે, કોઈ લાભ ન કરાવી શકીએ, એટલું જ નહિ આપણા તીર્થો ભેખમમાં, આપણા ધર્મ દ્રવ્યો ભેખમમાં, આપણી સંસ્થા - ઓ ભેખમમાં, આપણે માર ખાઈએ, આપણે દબાઈએ, આપણે અન્યાયો સહન કરીએ,

છતા આપણને આપણા ધંધાઓ વિકસાવવામાં રસ હોય, શાસનનું શું થશે, આની ચિંતા-નથી તો ખરા અર્થમાં આપણે જૈન કહેવડા-વવા ને પણ લાયક નથી.

તમારી પાસે સમય હોય, એવા યુવાનો સાથે તમે બેઠાએ, અહીંયા-આવતા આગેવાનો હોય એને તમે મળએ, મારે પણ જવું છે, જે કલાક રવિવારે-આપવાના, હું FREE જ હોઉં છું, એમને એમ આપી શકાય, શાસન માટે આપી શકાય, સાધન એ લોકો તૈયાર કરશે, સામગ્રી-એ લોકો તૈયાર કરશે, તમારે એક રૂપિયો ખર્ચવાનો નથી, તમારે ફક્ત ત્યાં એ સમયે હાજર રહેવાનું, એમની સાથે પ્રેમપૂર્વક-મીઠી વાણીથી, એમનું બહુમાન કરીને, સારા-મીઠા વ્યવહારથી એક શાસનના પ્રેમનો સેતુ બાંધવાનો પ્રયાસ, આ બે-અઢી કલાક ની અંદર તમને મળે. અમુક વર્ગ એવો છે જેને માત્ર ને માત્ર પોતાના મોજશોખ-ની પડી છે, પોતાના સંસારની, પરિવારની,

ધંધાની જ પડી છે. અમુક વર્ગ એવો છે, જેને માત્ર ને માત્ર, પોતાની આરાધનાની પડી છે. એને ચિંતા છે આ બધું કરીએ ને મારી આરાધના રહી જાય છે, મારી સામાયિક રહી જાય છે, મારું પેલું રહી જાય છે, મારું ફલાણું રહી જાય.

મુંબઈ મુલુંડ ના એક શ્રાવક-નામ વિનોદભાઈ, શાસનપ્રેમી યુવાનનો એમના ઉપર ફોન આવ્યો કે આ રીતે અમે સાધર્મિક નું કાર્ય શરૂ કરી રહ્યા છીએ ને મુંબઈ, ને મુંબઈ આપણી ઓફિસે ત્રણ-કલાક-બે-કલાક-એમાં બેસવાની જરૂર છે, તમને અનુકૂળતા ને એમાંગે કહ્યું ભલે. મુંબઈથી-મુલુંડથી ઓપેરા હાઉસ જતા કલાક થાય-આવતા કલાક થાય, ત્યાં બે-ત્રણ કલાક સેવા આપવાની. જે ભાઈ રોજ બપોરે-ત્રણ સામાયિક કરતા ને, આનંદ થી કામ ચાલુ છે, ઉલ્લાસ પણ છે, ને પ્રશ્ન છે કે હું કાંઈ ગુમાવી તો નથી રહ્યો ને ?

આપણને આવા પ્રશ્નો પતા હોય છે.

જે શ્રાવકે એક દિવસ ગચ્છાધિપતિ સિધ્ધાંત-
દિવાકર, વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજને
પુછ્યું, કે આ રીતે હું સેવા આપવા માટે-
મારી સામાયિક છોડીને હું ત્યાં જઉં છું,
તો મારી કાંઈ ભુલ તો નથી થતી ને ?

વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ
એ કહ્યું, તમને આ કામમાં કોઈ અભિમાન
જેવું ખરું. કે હું કરું છું ને, આમ છું ને-
તેમ છું, એ ભાઈએ કહ્યું કે ના સાહેબ.
ગુરુવાણીના પ્રભાવે એવો ભાવ નથી આવતો!
સાહેબે બીજો પ્રશ્ન કર્યો કે તમે ત્યાં જવ-
સાથે કોઈ સાંસારિક કાર્યો પતાવો છો,
અને એ ભાઈએ કહ્યું કે ના બીજું કોઈ
કાર્ય નથી, RETIRED છું, બસ આ જ
કામ માટે જઉં છું ને, પાછો આવું છું.
જયઘોષસૂરીશ્વરજી મહારાજએ કહ્યું, કે તમે
આ કાર્ય માટે ઘરેથી નીકળો, પહોંચો, કાર્ય
કરો, ઘરે પાછા આવો, એમાં જેટલો સમય થાય,
એટલી સામાયિકનો તમને લાભ મળે!

જીનશાસન માટે સમય આપવાનો હોય ત્યારે આપણને આપણી આરાધના યાદ આવે, તો સમજી લેવાનું કે આપણે શાસનને સમજ્યા-નથી.

સંઘની અંદર, કોરોનાના કાળમાં જે જે સમયે પાઠશાળા માંગલિક કરવામાં-આવી, ઘણો સમય નીકળી ગયો, બધું-ભુલી ગયું, હવે પાઠશાળા બંધ. સંઘના-અગ્રણીઓએ ખુબ સરસ નિર્ણય લીધો, આજના દિવસથી, પાઠશાળા શરૂ થઈ રહી છે. અગ્રણીઓના કહેવા મુજબ હજુ શિક્ષક-ની વ્યવસ્થા થઈ નથી, પણ છતા હવે ડીરકનું મોડું કરીએ, એની આગા કારણે, પૂજ્ય-સાધ્વીજી ભગવંતની પ્રેરણાથી, સંઘના જ બહેનો નિઃસ્વાર્થ ભાવે, પાઠશાળામાં સાત થી આઠ સેવા આપવાના છે, હજુ જે બાકી હોય એમને મારી વિનંતી છે, ભાઈઓમાં, બહેનોમાં તમારી પાસે થોડું પણ જ્ઞાન હોય, તમને ફક્ત ચૈત્યવંદન કરતા આવડતું હોય, તો પણ તમે પાઠશાળામાં સેવા આપવા આવો, તમને ફક્ત સામાયિક લેતા આવડતું હોય,

તો પણ સેવા આપવા આવો, તમને ફક્ત ગુરુ વંદન આવડતું હોય, તો પણ સેવા-આપવા આવો, આ એક કલાક, પાઠશાળા-નો ઉદ્ધાર, સંઘનો ઉદ્ધાર, શાસનનો-ઉદ્ધાર, નવી પેઢીનું સંસ્કરણ, આ બધા-બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા નંબર ના-નંબર છે, તમારા આત્માનું જબરજસ્ત હિત, આ સંઘ સેવાથી, શાસન સેવાથી થશે, આ

## પહેલા નંબરની વાત છે !

તમને ગુરુવંદન સુદ્ધા આવડતું નથી, તમને નવકાર ઉપર કશું જ આવડતું નથી, તો પણ તમે ફક્ત પાઠશાળાની અંદર દરવાજે બેસો, જે આવે એના માથે પ્રેમથી હાથ ફેરવી ને-કહો બેટા, તું આવી ગયો, બહુ સારુ કર્યું, હું તમને કહું છું, સમ્યક્ જ્ઞાનનું આટલું પણ બહુમાન, એનો આટલો આદર, એનું આટલું પીઠબળ, એનું આટલું પ્રોત્સાહન, એક રૂપિયાનો ખર્ચો પણ તમે નહિ કર્યો, પણ આટલી તમે એની પ્રેરણા કરી, આટલી

77 જૈન શાબાશી આપી, ભવાંતરની અંદર-
ચૌદ પૂર્વ અને કેવળજ્ઞાન તમને મળે, કદાચ
એનું RESERVATION આવતા એક કલાક-
ની સેવાની અંદર તમે કરી દેશો.

પ્રતિક્રમણના સમય તમારી રીતે
તમે આઘા-પાછા કરી શકો એમ છો, -
સામાયિક આઘી-પાછી કરી શકો એમ છો,
આરાધના આઘી-પાછી કરી શકો એમ છો,
સંસારના કાર્યો આઘા-પાછા કરી શકો એમ
છો, જે તમારા ઉપર છે ને ધારો કે તમારી
પરિસ્થિતિ એવી છે કે સાત થી આઠમાં -
તમારું પ્રતિક્રમણ થઈ ગયું તો થઈ ગયું,
BY CHANCE, RARE કોઈ વ્યક્તિ એવી,
જેનું પછી પ્રતિક્રમણ થાય જ એવું નથી,
પહેલા થાય એવું જ નથી, પ્રતિક્રમણ કરવું કે
પાઠશાળામાં સેવા આપવી એ વિકલ્પ હોય,
અને શાસ્ત્રીય દ્રષ્ટિએ, વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર,
કાળ, ભાવના સંયોગની દ્રષ્ટિએ તમને કહું
ધારો કે આવી જ પરિસ્થિતિ છે, એવું ના
બને કે પછી ના જ થાય.

સંઘમાં ન થાય, તમારી શરતે તમે કરી શકો, પણ ધારો કે એવી પરિસ્થિતિ છે, પ્રતિક્રમણ છોડવું જ પડે એમ છે, અને તો જ તમે પાઠશાળામાં ભોગ આપી શકો એવું હોય, તો પાઠશાળામાં ભોગ આપવાથી તમારા-આત્માને એકાંત નિર્જરા છે, પ્રતિક્રમણથી જે આત્મહિત થશે, તે તમને આ સેવા આપ-વાથી પણ થઈ જશે.

## સેવાએ બહુ જ ઉત્કૃષ્ટ પુણ્ય બંધાવી-આપનાર એવો યોગ છે!

## શાસનની સેવા પરમ પુણ્યોદયથી મળે!

એની શરૂઆત આપણે સ્થાનિક સંઘથી કરવી જોઈએ. સંઘનું સર્વોત્કૃષ્ટ અંગ હોય તો એ પાઠશાળા છે. કારણકે જ્ઞાનથી જ બધા ધર્મ-ની શરૂઆત થાય છે. જ્ઞાનથી જ બધા ધર્મ શુદ્ધ બને છે.

બે પ્રેરણા છે એક ભાઈઓ માટે વિશેષ,
ગાંધીનગરની બહાર નવા મૈત્રી મંડળ, અને
શાસન સાથે સેતુ બંધાવી દેવા માટે -
પુરુષાર્થ કરવો. બહેનો માટેની એ વાત નથી.
પાઠશાળામાં વિશેષ બહેનોની ફાવે, છતા પણ
ભાઈઓ પણ જઈ શકશે. સેવા આપી શકશે,
જે છોકરા હોય એનું ભાઈઓ લઈ શકે,
દીકરીઓ હોય એનું બહેનો લઈ શકે, ખાસ
એના માટેનો પ્રયાસ કરજો, આજે -
સમય થયો છે, આજે બારણું રાખીએ.

---

19.09.2021

# FEELINGS જિનશાસન - ૨

અઠવાડિયા પહેલાની વાત, એક ભાઈ આવ્યા અને મને કહે સાહેબ પર્યુષણના પ્રવચનો, નિયમિત હું સાંભળુ ને એક દિવસ અડધા પ્રવચને હું ઘરે પહોંચી ગયો ને ઘરે પહોંચી ને જોયું તો મારી અગિયાર વર્ષની દીકરી ફોન ઉપર ન જોવાનું જોઈ રહી હતી, મેં એને રંગે હાથે પકડી પાડી, આટલી નાની ઉંમરને એને આ બધું મન ક્યાંથી થયું ? મેં એને પુછ્યુ તે આવું TYPE કઈ રીતે કર્યું, અને એ કહે કે મેં પહેલી જ વાર કર્યું છે, આમ હું નથી કરતી. ભાઈ એટલી વેદના સાથે મને કહે કે પછી મેં નક્કી કર્યું હવે પર્યુષણના પ્રવચનો નથી સાંભળવા. હું ઘરે રહીશ ને મારી દીકરીની આ દશા થાય, એવી રીતે પ્રવચન મારે સાંભળવા નથી.

હું તમને પુછુ છુ કે તમે મા‍ત્ર પ્રવચન માટે જ બહાર નીકળો છો એવું નથી, બીજા ઘણા તમને કામ હોય છે. બહુ તમે સમજદાર, બુદ્ધિ ના બાદશાહ કહેવાવ, વાણિયા ની બુદ્ધિ આખી દુનિયાની અંદર વખણાય

અને દરેક ધંધાની અંદર તમે કોઈ કાઢ્યું હોય છે, બહુ પેહના સાથે મારે તમને પુછવું છે કે તમને ખબર નથી કે આ ONLINE શિક્ષણ ના વ્યવસ્થાની શું છે (.) જે સાધનો માટે તમે દીકરા માટે બળાપો કાઢતા હતા, જે સાધનો માટે તમારું અંતર કકળતું હતું, ને જેની માટે તમે દીકરાનું માથુ ખાઈ જાવ, ઘરની અંદર ઝઘડો થાય, કકળાટ થાય, બબાલ થાય, - વાતાવરણ આખું તંગ થઈ જાય, પણ જે સાધન તમારા દીકરાના હાથમાં હતું એ તમને બિલકુલ પસંદ ન હતું, એ જ સાધનને શિક્ષણના નામે તમે સામે ચાલીને અપનાવ્યું, સામે ચાલીને અપાવ્યું, તમે સામે ચાલીને એને પ્રેરિત કર્યો તારી સ્કુલ ચાલુ થઈ ગઈ છે, તુ બેસી જા, એ શું કરે છે, ભણે છે, એ ભગવાન જાણે, હું તમને પુછવા માંગું છું કે તમે દીકરાના સાચા મા-બાપ છો તો ગમે તે ભોગે, તમે એને આ

ONLINE શિક્ષણમાં ધકેલી શકો જ નહિ!

જો તમે એ ઘડેલો છો, તો તમે એના સાથા-
મા-બાપ નથી.

SMART-PHONE એ કોષા-
વેશ્યા ની ચિત્રશાળા જેવી છે જેની-
અંદર, બધું જ બિભત્સ માં બિભત્સ દ્રશ્યોથી
ભરેલું છે, સામે કોશા વેશ્યાનું નૃત્ય ચાલી
રહ્યું છે, ત્યાં બેસીને કોઈ વિદ્યાર્થીએ ભણ-
વાનું છે, HOME-WORK કરવાનું છે, એની
SCHOOL ના વિષયો ભણવાના છે, એ સાવ
ગાંડા જેવી, મુર્ખા જેવી, પાગલ જેવી વાત છે,
કે તમારા દીકરાએ ONLINE શિક્ષણ લેવાનું છે.

આટલી COMMON-SENSE તમારામાં ના હોય !!

તમારા જ હાથે તમારા દીકરાને સાવ નાની
ઉંમરમાં ગંદી માં ગંદી જાહીઓ, કુટેવો, કુ-
શીલ્ટાઓ એના જીવનમાં આવે, જેનું આખું
જીવન વેર વિખેર થઈ જાય, એવું કામ તમે
એના હાથની અંદર, INTERNET વાળુ
કોઈ પણ GADGET આપીને કરી રહ્યા છો.

એ તેમને ખબર છે કે INTERNET ની
માયાજાળ એવી છે કે,

જે ભગવાન હોય એ જ એમાંથી બચી શકે!

તેમને ખબર છે, લાખો પગાર
દાર માણસો, જે મોટી મોટી કંપનીઓની -
અંદર, એના માટે રોકેલા છે કે સારા માં
સારા માણસને તેઓ ફસાવી શકે, લપસાવી
શકે, પાડી શકે, અને

એની આખી જિંદગી બરબાદ કરી શકે!

એમની એક જ TARGET
છે, માણસની નબળી કડી એનો MISUSE
કરવો, એને વારંવાર એ જ જોવા માટે મજબુર
કરવો, એનો WATCH-TIME વધે, સાથે
તેમની ADVERTISMENTS વધે એના
ભાવ વધે, એનાથી વકરો, નક્કી કરી લીધો.
પણ આ બધી રામાયણની અંદર એ માણસની
જિંદગી ની શું દશા થાય, એનો વિચાર કોણ
કરે છે

તમારા દીકરાને માનવ કતલખાનાની અંદર ધક્કો મારીને તમે ધકેલી દો, જ્યાં એને રીબાવી-રીબાવીને મારી નાંખવાનો હોય, એના કરતા વધારે ભયંકર ઘટના એ છે, કે તમે એને,

## ONLINE શિક્ષણની અંદર JOINT કરો છો

ઘણા વર્ષો પછી તમને એક CHANCE મળ્યો, કે તમે તમારા દીકરાનું સંસ્કરણ કરી શકો, ઘણા વર્ષો પછી તમને એ CHANCE મળ્યો, જ્યારે સ્કુલના ભણતરનું એટલું IMPORTANCE રહ્યું નથી, ભણતર જેવું ખાસ પણ ન હતું, અને એમની-પ્રેક્ટિસો પણ એટલે તો બિલકુલ IMPORTANCE ઘટી ગયું, વર્ષો પછી CHANCE તમને મળ્યો એને ઉપધાન કરાવી શકાય, એને શિબિરમાં મોકલી શકાય, એને ચાર-ચાર કલાકની પાઠશાળા JOINT કરાવી શકાય, એને ધાર્મિક પુસ્તકો વંચાવી શકાય, એને સારી સારી વાર્તાઓ કહીને એનું જીવન ઘડતર કરી શકાય.

વર્ષો પછી જ્યારે તમને આ CHANCE - મળ્યો છે, ત્યારે તમને આવા થિંગ સુજે છે. છોકરો WEBSITE જોતે કે ના જોતે, પોતાની અતે જિંદગીમાં કદી ન જોતવા જેવી WEBSITE, પોત ભેળે ખુલી રહી છે. છોકરા એની માયા એળમાં આવી રહ્યા છે. અગિયાર વર્ષની દીકરી માત્રની વાત નથી, દસ વર્ષના દીકરાની વાત છે, આઠ વર્ષની દીકરીની વાત - છે, છ વર્ષના દીકરાની વાત છે. તમને બાવીસ વર્ષે જે વસ્ત્રજ્ઞાન ન હતી આવી, એ આજે દસ-બાર વર્ષે છોકરાઓની અંદર આવી રહી છે. આનાથી વધારે આઘાત - જનક વાત બીજુ કઈ હોય શકે.

જિનશાસનના શ્રાવક અને શ્રાવિકા એને કહેવાય, જે વિચારે કે મારો દીકરો ઘેટા - બકરા ચરાવશે તો ચાલશે જિનશાસન ના શ્રાવક - શ્રાવિકા એને કહેવાય, કે જે વિચારે કે મારા દીકરાને આખી - જિંદગી, ફુ બેકા - બેકા જવડાવીશ કઈ વાંધો નથી. જિનશાસનના શ્રાવક - શ્રાવિકા એમ

વિચારે કે બીજું જે થવું હોય એ થાય, મારા દીકરા / દીકરી ને, આવા ભયાનક - વાતાવરણની અંદર, આવા ભયાનક માધ્યમ દ્વારા, એવા ભયાનક વાતાવરણમાં ધકેલી દેવાનું પાપ મારે જિંદગી માં કરવું નથી !

દીકરો નહિ ભણે તો આવતા વર્ષે HIGHER STANDARD માં જશે, આવો GOVERNMENT નો કાયદો છે. એ બિલકુલ ન ભણે તો એનું બિલકુલ બગડે એવું નથી, એવા GOVERNMENT ના કાયદા છે. છતા આટલું IMPORTANCE આપી ને, એને ONLINE ને હવાલે કરી ને, એને સાધનની મંજુરી આપી ને, એને કલાકો સુધી સાધન સાથે નું એકાંત આપી ને, નિશ્ચય દ્વારા એ

આપણે એનું ગળુ કાપવાની ચેષ્ટા,

એના દુર્ગતિ ના દુઃખમય ભવભ્રમણની વ્યવસ્થા

જેને વારંવાર નરકે જવું પડે, જેનો આ-
ભવ જે બગડી જાય, યા જે પરણી જ ના શકે,
યા જેના લગ્ન જીવન ટકે નહિ, યા જેનો
ઘર સંસાર ભડકે બળે, જેનું શરીર છે જે
સાવ નખાઈ ગયું હોય, જેના ચહેરાનું તેજ
જતું રહ્યું હોય, જેને નાની ઉંમરથી જાત-
જાતના રોગો આવી જાય, જેના લગ્ન જીવન-
ની અંદર, જાતજાતના COMPLICATIONS
પેદા થાય, જેના ધર્મનું બારમું થઈ જાય,
જેની સાધના નું સુરસુરીયું થઈ જાય, અનંત
કાળે, અનંત ભવો પછી, જેને આ મળેલો
મોંઘો માનવ ભવ, સાવ જ એળે જતો રહે,
હું તમને પુછવા માંગુ છું, એક મા-બાપ-
તરીકે, એક હિતેચ્છુ તરીકે, એક સમ્યક્-
શ્રાવક શ્રાવિકા તરીકે, તમારે આવું શા
માટે કરવું છે ?

આટલા નમાલા ન બનો !

આટલા નિઃસત્વ ના બનો !

## આટલા ગાંડા ને ઘેલા ન બનો !

કંઈક સમજુ બનો, કંઈક સમજો. કંઈક સત્ય ફેરવો, ઘણાએ ફેરવ્યું છે. તમે પણ ફેરવી શકો એમ છો. શા માટે પાછા પડો છો ? તમારા સંતાનોને બચાવવા હોય તો એક નિયમ તમે બનાવો.. આ ઘરની બહાર SMART PHONE ના ઓઈએ !

તમારા ધંધાનું કામ તમે ધંધાની જગ્યાએ પતાવો, ત્યાં LOCK કરીને તમારા GADGET ત્યાં તમે મુકી દો. ઘરની બહાર લાવવું નહિ, છોકરાઓ ને બતાવવું નહિ, જે કરવું હોય એ કરો, ભણવા માટે, CAREER માટે, DEGREE માટે, SMART PHONE ની કોઈ જરૂર નથી. પણ SMART PHONE છોડવાની જરૂર છે.

જિનશાસનના એક રત્ન કહેવાય દિપકભાઈ બારડોલી વાળા,

UNIVERSITY માં 1st RANKER તરીકે આવ્યા, બહુમાન સમારંભ હતો, CERTIFICATE AWARD વગેરે એમને મળી રહ્યું હતું, અને AWARD આપ્યા પછી એમની કંઈક - બોલવા માટે વિનંતી કરાઈ, એમણે કહ્યું કે હું બોલું પણ તમને નહિ ફાવે, એ કહે કે - કેમ નહિ ફાવે, દિપકભાઈ એ કહ્યું કે હું એક પણ દિવસ, કોલેજમાં ગયો નથી માટે મારો પહેલો નંબર આવ્યો છે, આવું હું બોલવાનો છું, પેલા કહે તમે રહેવા દો.

HIGH SCHOOL, COLLEGE, ONLINE શિક્ષણ, આ બધા ભણવાના - માધ્યમો નથી, ભણવું હોય તો આ બધુ છોડવાની જરૂર છે, હું તમને સાંસારિક - દ્રષ્ટિ એ કહું છું, ધાર્મિક વાત તો ઘણી આગળ છે, ભણવું પણ હોય તો આ બધું છોડવું જરૂરી છે, ભણવા માટે ના રવાડે ચડાવી ને, દીકરાની જિંદગી બગાડશો નહિ, બે હાથ જોડીને મારી તમને વિનંતી છે, કેટલું જમારું વહીવાઈ જાય છે.

19.9.2021

આ કુમળા છોડો, આ યોગ્યતા ને પાત્રતા-
વાળી નવી પેઢી, હજુ જે ખીલે એની પહેલા
કરમાઈ જાય. ચુંથાઈ જાય. આવું તો આપણા-
થી કઈ રીતે કરી શકાય. બે હાથ જોડી
ને વિનંતી, સત્ય સ્વીકારો, આ બધી ચુંગાલ-
અને જંજાળમાંથી બહાર નીકળો, નહિ તો આ-
જ ભવમાં તમને આ પગલાના કડવાં-
કડવા, ફળ મળી ને રહેશે. આજે સમય થયો
છે, આજે આટલું રાખીએ.

# FEELINGS જિનશાસન · 3

જિનશાસનની પરંપરામાં થયેલ મહાપુરુષ, નામ એમનું વજ્રસ્વામી. આખી જિંદગી સ્વ અને પરનું જબરજસ્ત કલ્યાણ કર્યા પછી, જિનશાસન-ની પ્રભાવના કર્યા પછી, આયુષ્યના આરે આવેલા એ મહાપુરુષ, એક વાર પ્રતિક્રમણ કરી રહ્યા છે, ખમાસમણ આપતા કાન ઉપરથી સુંઠનો ગાંગડો નીચે પડે છે ને, યાદ આવે છે કે વાપરતી વખતે વિચાર્યું હતું કે છેલ્લે લઈ લઈશ, - અને હું ભૂલી ગયો. એક આઘાત લાગે છે કે સંયમની અંદર અતિચાર લગાડ્યો, મારી પાસે એક વાપરવાની વસ્તુ રહી ગઈ, પ્રમાદ થઈ ગયો,

प्रमादे संयमो न स्यान्निष्कलङ्कः कथञ्चन।

જ્યાં સુધી પ્રમાદ છે ત્યાં સુધી નિષ્કલંક, - નિરતિચાર, વિશુદ્ધ સંયમ નથી.

तं विना मानुषं जन्म जीवितं च निरर्थकम्।

અને નિરતિચાર, અપ્રમત્ત સંયમ વિના આ ભવ, આ જીવન, બંને વ્યર્થ છે. એક બાજુ આઘાત લાગ્યો છે, મારાથી સંયમમાં અતિચાર લગાડી દેવાયો, અને બીજી બાજુએ મહાપુરુષ વિચાર કરે છે કે, જિંદગીમાં કદી મારી આવી ભૂલ થઈ નથી ને, આજે આવી ભૂલ થઈ ગઈ,

આજે વિસ્મૃતિ થઈ ગઈ, આ એક સંકેત છે કે હવે મારું આયુષ્ય બહુ છે નહિ, એક બાજુ દુકાળ પણ પડ્યો છે, ગોચરી પણ દુર્લભ બની છે, સંયમ સ્વાધ્યાય એ રીતે ગોચરી પણ મળી શકે એમ નથી, બીજુ બાજુ આ ઘટના-પણ બની છે. અને એ મહાપુરુષે અનશનનો નિર્ણય લઈ લીધો. અનેક મહાત્માઓની સાથે એ મહાપુરુષ એક પર્વત ઉપર પહોંચ્યા છે, પર્વતના શિખર ઉપર, પ્રાસુક ભુમિ, નિર્દોષ ભુમિ, એમણે શોધી છે, ત્યાં હવે શરીરને વોસિરાવી દેવાનું, ચારે આહાર - વોસિરાવી દેવાનો, નિર્ણય એમણે કર્યો છે. બધા મહાત્માઓને વજ્રસ્વામી અંતિમ હિતશિક્ષા આપે છે, બધા મહાત્માઓ એકદમ ઉત્સાહી છે, આખી જિંદગી જે સંયમ પાળ્યું, આજે - શિખર ઉપર કળશ ને કળશ ઉપર ધજા ચડાવ-વાનો અવસર આવ્યો છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

યાદૃશો હર્ષો દીક્ષાસમયે, તાદૃશો મરણસમયેऽपि विधेयः।

જે આનંદ, જે હર્ષ, જે ઉમંગ, ને જે ઉમળકો, દીક્ષા લેતી વખતે એ મહાત્માને હયે,

એવો જ ઉલ્લાસ, એવો જ ઉત્સાહ ને, એ જ આનંદ ને હર્ષ, જે મૃત્યુ સમયે પણ હોવો-જોઈએ. એક આનંદ છે કે આ જીવનની - પ્રતિજ્ઞા મારી સમાપ્ત થઈ. એક આનંદ છે કે ૧ પ્રતિજ્ઞાનો મેં બરાબર નિર્વાહ કર્યો, એક આનંદ છે કે આ સંયમ જીવનથી મારું જીવન ધન્ય બની ગયું. એક આનંદ છે કે મારા જેવું સૌભાગ્ય, મારા જેવું બડભાગ્ય, મારા જેવું અહોભાગ્ય, ખરેખર આ આખા વિશ્વની અંદર

## આ સંયમ રત્ન મને મળ્યું !

તાદૃશો મરણ સમયેઽપિ વિધેયઃ।

બધા મહાત્માઓ ઉલ્લસિત છે, ઉત્કંઠિત છે, અંતિમ હિતશિક્ષા પુરી થઈ છે, હવે જુદી-જુદી જુદી.. જુદી જગ્યાએ મહાત્માઓ એ પોતાની - ૧૮ સમાધિ, પોતાના મનની એકાગ્રતા, સર્વ પદાર્થો પ્રત્યે ઉદાસિનતા, પરમ નિશ્ચય નયનું અવલંબન, પરમ સમતાનું અવલંબન, એની અંદર પરોવાઈ જવા, લયલીન થઈ જવા, મહાત્માઓ તૈયારી કરી રહ્યા છે, ને એ સમયે ત્યાં એક ઘટના બની છે.

ત્યાં એક શ્રાવિકા આવે છે, અને એ શ્રાવિકા પાસે ઘણા બધા ડબલા-ડુબલી હોય છે, અને એ શ્રાવિકા, વજ્રસ્વામી મહારાજની જરા સન્મુખ થાય છે, બધા મહાત્માઓ જોતા-રહી જાય છે. આ સમયે આવી ક્યાએ, -શ્રાવિકા ક્યાંથી ? એના ડબલા-ડુબલીઓ-આવીને બધા ખોલે છે, જાત જાતની ખાવા-પીવાની વસ્તુઓ હોય છે, અને એ કહે છે કે આ બધું જ પ્રાસુક, એષણીય, કલ્પનીય, જેવું બધું છે, બધા આહાર પાણી સુજતા છે, મને લાભ આપો. જોતે કોઈ હોય તો કહાય એમ લાગે કે, બહુ ભક્તિ ભાવ વાળા છે, બહુ સુપાત્ર દાનના પ્રેમી છે, સાધુ પ્રત્યે-બહુમાન અને વાત્સલ્ય ભાવ વાળા છે.

વજ્રસ્વામી પોતે પોતાના વિશુદ્ધ બુદ્ધિ બળથી વિચાર કરે છે કે અમે અહીંયા-અનશન કરવા આવ્યા, અમે ચારે આહાર ના પચ્ચક્ખાણ કર્યા. અમારે અહીંયા અન્તિમ આરા-ધના કરવી છે, આ કોઈ ગામની વિસ્તાર નથી, નગરની વિસ્તાર નથી, જંગલ અંદર પર્વત,

પર્વત નું શિખર ને અહીં શ્રાવિકા ડબલા-ડુબલી લઈને આવે, આ શક્ય નથી. વજ્ર-સ્વામી પોતાના બુદ્ધિ બળથી શ્રુતોપયોગથી-જાણી જાય છે, સમજુ જાય છે. કે આ શ્રાવિકા નથી પણ દેવી છે. એ દેવી માત્ર નથી. એ ઔત્રના, આ પર્વતના અધિષ્ઠાયિકા દેવી-છે. અને એ દેવીને ખબર અહિંયા અનશન-કરીએ એ પસંદ નથી, માટે એમને આવી-કુચેષ્ટા એ, એમને કૈ ઉપયોગી નથી, ઉલ્ટુ-નિરુપયોગી છે, એમ કે વસ્તુનો ત્યાગ કર્યો છે, એની જ વિનંતી કરવા આવી છે. સાધુને શું આપવું, સાધુને શું ન આપવું, આનો વિવેક કોણ કરે?

ક્યારેક તમે છો ને એમને કવર મોકલો છો, ટપાલ મોકલો છો, એમાં તમે-STAPPLER PIN મારી હોય છે. અમારા-ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ ને કોઈએ આવું COVER મોકલ્યું હતું ને, સાહેબે કવર ખોલ્યા વગર બીજા કવરની અંદર નાખ્યું અંદર ચીઠ્ઠી મુકી, એ જ મહાત્માને પાછું એ

કવર મોકલી દીધું, એમણે જોયું, અંદર પોતાનું COVER નીકળ્યું AS IT IS ને થોડી નીકળી કે તમારું કવર ખોલવામાં મને ઉપવાસ નું પ્રાયશ્ચિત આવે છે. અને તો STAPPLER નો ઉપયોગ નહિ કરતા. એ STAPPLER એને પરઠવવું, અથવા એને ખોવાડવું, એ ક્યાંક અનુચિત જગ્યા એ જાય, એની જે વિરાધના થાય, એક સાધુ મહાત્માની ખોવાય, એક ટાંચણી ખોવાય, મહાત્માને એકમ નું પ્રાયશ્ચિત આવે. એક થેલી તમે એવી આપી આવો, ભલે અંદર શ્રુત ના પુસ્તકો છે, પણ એ થેલી ઉપર સ્ત્રીનું ચિત્ર છે એ કઈ રીતે ચાલે. જે સાધનો નો સંયમ જીવનમાં ઉપયોગ વર્જિત છે, તમને ખબર છે, કે આનો દુર ઉપયોગ થાય જેનાથી સંયમમાં અતિચાર લાગે, અને એટલા FREE MIND બનીને તમે મહાત્માને હોંશે, હોંશે આપો, આ કોઈ પ્રવૃત્તિ નથી આ કમજકતી છે. પછી આખું ગામ ચર્ચા કરે છે કે ગુંડો એણે બહુ જ ખોટું કામ કર્યું, ઘરની અંદર લુંટફાટ કરી, બે ત્રણ જણની હત્યા કરી, બે-ત્રણ ઘાયલ

થઈ ગયા, આટલી રૂપાળી કન્યા, હાય.. હાય.. હાય- હાય.. બહુ ખોટું થયું, બહુ ખોટું થયું.. પછી આખું ગામ ચર્ચા કરે છે. પણ- જ્યારે એ ગુંડાને ઘરે આવતા જોઈને આવો- આવો કહ્યું, કોઈએ બેસો.. બેસો કહ્યું, કેમ છો.. કેમ નહિ કહ્યું, લેશો ચા- પાણી- નાસ્તો, ત્યારે કોઈને કાંઈ વાંધો આવતો નથી. કોઈ કહે છે કે એ ગુંડો છે તો બધા એના ઉપર તુટી પડે છે, એમને નથી ખબર એ ગુંડો છે, આપણી સાથે તો સારો વ્યવહાર કરે છે ને. બેસો હું ભાઈ, બોલો શું હતું! બીજું તો કાંઈ નહિ, તમારી છોકરી સારા માર્કે પાસ થયો માટે એનું ઈનામ લાવ્યો છું, બોલા જાય પૈલાની સાથે વાત કરે, જોયું તમે તો ગુંડો ગુંડો કરો છો, ગમે તે હોય આપણા માટે તો સારો છે ને આપણા દીકરા માટે ગેર લઈ આવ્યો, એની જાત તો FREE જ હોઉં છું, ક્યારેય કાંઈ કામ હોય તો કહેજો. ફરી આજથી વાત થાય છે કે જોયું એ તો આપણું કામ જ કરી દેવા માંગે છે. આટલી બધી ગાંઠ રાખવી, આગ્રહ રાખવો, કોઈના-

માટે એવો અભિપ્રાય બાંધી દેવો, કે છોડવો જ નહિ, આગ્રહ બહુ જ ખોટો, થોડા FREE-MIND બનો, ગુંડા એ કાળો કેર વર્તાવ્યો એ પછીની વાત હતી, જરા અર્થમાં તો. જ્યારે ગુંડા ને આવો આવો કરવામાં આવ્યું, બેસો બેસો કરવામાં આવ્યું, આવકાર-આપવામાં આવ્યો, ત્યારે જ કાળો કેર વર્તી ગયો હતો.

સાધનાના ઘરની અંદર સાધનનો પ્રવેશ એ ગુંડાનો પ્રવેશ છે!

એને આવો કહેવું એનો સીધો અર્થ છે,

આમારું નખ્ખોદ વાળો!

સાધુ સાધના માટે નીકળ્યા છે, એમને સાધના-નું અનુરૂપ વાતાવરણ આપો, સાધના ને અનુકૂળ આલંબનો આપો, યા આપણી-ગેરસમજ, યા આપણી સાંસારિક તૃષ્ણા,

યા આપણી ખોટી આત્મીયતા, યા આપણું કહેવાતું FREE MIND, એનાથી સાધુને સંસાર તરફ ઢસડી જવાની આપણી ચેષ્ટા હોય. આગમની અંદર વજ્રસ્વામી ની આ ઘટનાનું વર્ણન કર્યા પછી, આવશ્યક નિર્યુક્તિ આગમની ટીકામાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ ના શબ્દો છે,

આ પડિણીયત્તિ નાહે,

વજ્રસ્વામી સમજુ જાય છે, કે આ શ્રાવિકા-માત્ર નથી, આ દેવી માત્ર પણ નથી, આ-કોઈ ભક્તાણી પણ નથી, આ પ્રત્યનિકા છે, એટલે કે આ અત્યારી દુશ્મન છે. જેને પ્રત્યનિક દેવતા કહેવાય, સાધુને હેરાન કરનાર, સાધુના દ્વેષી દેવતા કહેવાય. એવા આ દેવતા છે. કશું પણ બોલ્યા વગર પરિસ્થિતિ સમજુને, આ વજપ્રિતી થઈ,

अचियत्तो उग्गहो।

આ અવગ્રહ એ જેનો છે, એ માલિકની પ્રિતી નથી, એ સમજુ ને, વજ્રસ્વામી એ શિખર ઉપરથી વિહાર લે છે. જ્યાં જાય છે, ત્યાં ક્ષેત્ર દેવતા નો કાઉસગ્ગ કરે છે,

ત્યાંના અધિષ્ઠાયક દેવતા પ્રગટ થાય છે, કહે છે આપે ખુબ અમારા ઉપર ઉપકાર કર્યો, આપ સુખે અહિંયાથી આરાધના કરો, મારું સૌભાગ્ય છે. આપ મારા ક્ષેત્રમાં પધાર્યા, અને ત્યાં ચૈનિમ આરાધના સરસમાં સરસ કરી, એ મહાપુરુષ અને એમના શિષ્યો સ્વર્ગે સીધાવે છે.

સાધુને કંઈ એવું આપો જેનાથી એમનું સંયમ ઉજ્જવળ બને, એમની ગાથાનું શું થયું, એમના રાત્રિ સ્વાધ્યાયનું શું થયું, શાસ્ત્રોના વાંચનનું શું થયું છે આ પ્રશ્નો સુધી તમારે પહોંચવું પડશે. માત્ર ગોચરી, પાણી, ને નવા ઉપકરણ સુધી પહોંચી ગયા, અને બીજુ બાજુ અસદ્ આલંબનો એટલા-આપ્યા, તો આ સાધુ સંસ્થા એતો એના વૈરાગ્યના બળે, કદાચ ટકી પણ જશે, પણ આપણે તો એના દુશ્મન પુરવાર થશું. કંઈક સંયમ પ્રેરક ગ્રંથો, સંયમ પ્રેરક વાચના, સંયમ પ્રેરક પુસ્તકો, આ મહાત્મા ને આપવા, જે મહાત્મા માટેનું સર્વોત્કૃષ્ટ ભાવ સુપાત્ર દાન છે.

આજે દ્રવ્ય સુપાત્ર દાન, વાંસ-વાંસ ઉછળી-રહ્યું છે, ભાવ સુપાત્ર દાન, આજ જેનું સરોવર શોષાઈ ગયું હોય, સુકુ ભઠ બની ગયું હોય, અને જેને આઘાત લાગી જાય, આવી કઢાય આપણી દશા છે, આમાંથી-જલ્દીમાં જલ્દી બહાર આવીએ, એવી ભાવના સાથે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# FEELINGS જિનશાસન - 4

૨૧.૦૯.૨૦૨૧

મુંબઈ પાસે થાણા, જૈન પરિવાર ત્યાં રહે. દીકરી એ માંગણી કરી કે મારે આની સાથે લગ્ન કરવા છે. ઘરની બહાર સન્નાટો છવાઈ ગયો, જૈન પરિવારની દીકરી એ જેની સાથે લગ્ન કરવાની જીદ પકડી એ મુસ્લિમ, એની મટનની દુકાન, ઘરવાળા બધા પગે પડ્યા, દીકરી એકની બે-થવા તૈયાર નથી, ભાઈ એ કહી દીધું કે કાયમ-માટે આપણો કોઈ જ સંબંધ રહેશે નહિ, દીકરી એકની બે થવા તૈયાર નથી. શરત કરી છોકરા-સાથે એ મટન નહિ રાંધે, નિકાહ પઢાઈ ગયા, છોકરો એને મટનની દુકાન પર પરાણે બેસાડીને રખડતો થઈ ગયો. લોકો આવે એને પોતાના હાથે કાપી-કાપી ને મટન આપવાનું, એ જ દુર્ગંધ માં બેસવાનું, લુચ્ચા લોકો, ગંદુ તેવું-વર્તન કરી જાય, એ સહન કરવાનું. ઘરે પરાણે એને મટન રાંધવું પડે, બધું યાદ કરાવે છે ની મારપીટ થાય છે. થોડા સમય પહેલાની વાત, એ દીકરી, પંખે લટકીને મરી જાય છે.

મુંબઈ પાસે મુંબ્રા કરીને એક પરુ છે. એક જૈન ભાઈ STATION પર ઉતર્યા છે.

કોઈ કારણસર ત્યાં આવ્યા છે. સ્ટેશન પર ચાલી રહ્યા છે. કોઈ મજૂરણ સ્ત્રી એના માથે સામાન-નો ટોપલો લઈને એમની પાસે આવે છે. અને કહે છે કે તમે ટોકરશી ભાઈ, પેલા ભાઈ ચમક્યા, આ ક્યાંથી આ કામની સ્ત્રી મને ઓળખે, અને એણે વાત કરી, કે હું પણ ઘાટકોપર જ રહેતી હતી, પ્રેમ લગ્ન મેં કર્યા, અને આજે મારી આ દશા થઈ છે.

## વાત જૈન દીકરી ની છે !

એક જૈન દીકરી મુંબઈ માઢિયા સાથે ભાગી ગઈ છે. પિતાને એટલો બધો આઘાત લાગ્યો છે. લોકલ ટ્રેનમાંથી સીધો કુદકો માર્યો છે. ચાલુ ટ્રેને કુદકો મારવા છતાં, જીવ બચી ગયો છે. છેવટે અમદાવાદ આવીને કાંકરિયા તળાવની અંદર ઝંપલાવીને એ પિતાએ આપઘાત કર્યો છે.

મુંબઈ ભાયખલા એક જૈન-દીકરી, બે-ત્રણ વર્ષ પહેલાની વાત, ઉપધાનમાં બેસે છે, માળ પહેરે છે, અઠવાડિયા પછી મુસ્લિમ

સાથે ભાગી જાય છે. એને પુછવામાં આવ્યું કે ઉપધાન કરીને તુ આવું કઈ રીતે કરી શકે, એણે કહ્યું એટલે જ ઉપધાન કર્યા હતા, કે મારે - ધર્મ બદલવાનો જ છે તો છેલ્લે છેલ્લે આરાધના કરી લઉં.

મુંબઈની એક રાજસ્થાની સમાજની દીકરી, કોલેજ માંથી બારોબાર ભાગી ગઈ છે. જેની સાથે પરણવું હતું, એની સાથે પરણી ગઈ- છે. થોડા દિવસ પછી એનો પતિ એને દુબઈ- લઈ જાય છે. ક્યાંક છોડીને રફુચક્કર થઈ જાય છે. એને કહેવામાં આવે છે કે એને ૧૭ લાખમાં વહેંચવામાં આવી છે, એને મારપીટ કરીને પરાણે એક હલકા ધંધાની અંદર ઢસડી જવામાં આવે છે. ભયંકર અત્યાચારોથી એ ત્રાસી જાય છે. ખુબ મુશ્કેલીથી, ફક્ત એક ફોન એના ઘરે કરી શકે છે એને, કહે છે કે હવે હું આપઘાત કરીને મરી જઉં છું. મમ્મી મારી બહુ મોટી ભુલ થઈ ગઈ, મને માફ કરજે. હજારોની - સંખ્યામાં જૈન દીકરીઓ બીજા ધર્મમાં પરણી રહી છે. PLUS હજારોની સંખ્યામાં મુસ્લિમમાં,

પરણી રહી છે, ઈસાઈ રહી છે, પ્રવન જરજાહ-
કરી રહી છે, કુળ ને લજ્જિત કરી રહી છે.
મા-બાપને સખત આઘાત આપી રહી છે
જહીંયા કીડી ન મારવાના સંસ્કાર લઈને ગયેલી,
ત્યાં મરઘા, ઈંડા, બકરા, ગાય, ભેંસ કોઈને-
બાકી રાખતી નથી.

મારે આજે ફક્ત આટલી વાત નથી
કરવી, આની મુળની વાત કરવી છે. એક દીકરી
આટલી છળરી થઈ જાય, આટલી નફ્ફટ થઈ
જાય, આના મુળમાં કારણ શું છે એની વાત-
મારે તમને કરવી છે. અને આ બધી જ
પરિસ્થિતિ સુધરી જાય એવી તાકાત પણ આપણી
પાસે જ છે, એની વાત મારે કરવી છે. જેનાથી
આજી પરિસ્થિતિ સુધરી શકે એનું નામ છે,

શ્રમણી સંસ્થા !

તમારી દીકરીઓ મા-બાપનું સાંભળતી નથી,
કોઈનું ગાંઠતી નથી, આવું તમારું કહેવું છે.
તમે સમજાવો આવું નહિ પહેરવાનું, દીકરી નથી
માનતી,

તમે દીકરી ને સમજાવી રાતે આટલા વાગ્યા સુધામાં ઘરે હોવા જોઈએ, નથી માનતા, તમે એને - સમજાવી આ રીતે એકલા ક્યાંય પણ સ્કુટી - લઈને ઉપડી ના જવું, એ નથી માનતા તમારું થાતું નથી, કકળાટ, સંઘર્ષ થી વધારે પરિણામ મળતું નથી.

જેમની એ લોકો આમાન્યા રાખે જેમનું સાંભળે, જેમનું માને, એનું નામ છે.

## શ્રમણી સંસ્થા !

લવ-જેહાદ માટે શ્રમણી સંસ્થા એક અપેક્ષાએ જવાબદાર છે. અને લવ-જેહાદ ને બધી રીતે FAIL કરી દેવા માટે, શાશ્વત જિનશાસન પાસે કંઈ હોય તો એ શ્રમણી સંસ્થા છે.

જો એ શ્રમણી સંસ્થા ગમે તે રીતે રસ્તા ઉપર પ્યાલા પરફરતી હોય, જેનાથી - લોકો ના હૈયાનો અહોભાવ જ પડી જાય, એક વાતાવરણ બને ને સામે રસ્તામાં,

શ્રમણી ભગવંત ભલે ગોચરી માટે જઈ રહ્યા છે, દહેરાસર જઈ રહ્યા છે, હાથ માંડવાની લોકોની તૈયારી ન હોય, લોકોને મન ન થાય, અહોભાવનું સ્થાન અસદ્‌ભાવ લે, તો પછી એ શ્રમણી સંસ્થાનો પ્રભાવ જ જૈન સમાજ કે જૈન સંઘ ઉપર રહે નહિ. અને જ્યારે પ્રભાવ જ નથી રહ્યો, ત્યારે કોઈ એમની પાસે જાય, BY CHANCE જઈ પડે ને એમનું માને,

એમના વચનોનું વજન પડે,

આની આશા રાખવી બહુ જ અઘરી છે.

FEELINGS જિનશાસન, કેવી રીતે શ્રમણી સંસ્થા મજબુત થાય, કઈ રીતે એને આદરણીય સ્થાન મળે, એમાં તમે શું રોલ ભજવી શકો, એકે બાબતની તમારી ઘોર ઉદાસીનતા અમને કાંઈ લાગે વળગે નહિ, તો તમારી આ જ ઉદાસીનતા તમારી દીકરી ચારે ભાગી જવા સુધીની પરિક્ષા બની જાય છે. એનો ખ્યાલ તમને આવતો નથી.

21.09.2021

શ્રમણી સંસ્થાને એનું ગૌરવ પાછું મળશે તો તમારી દીકરી બચશે. એનું ગૌરવ એને પાછું નહિ મળે, તો વહેલી-મોડી તમારા-પરિવારની દીકરી નહિ તો પૌત્રી, એની આવીજ કોઈક દશા થાય, એમાં કોઈ જ નવાઈ રહેશે નહિ, બહુ જ ગંભીરતાથી વિચારો, હું શું-કરી શકું ? તમને શાસન માટે કદાચ એટલી લાગણી ન હોય, પણ તમારી દીકરી માટે તો છે ને ? બહુ ગંભીરતાથી વિચારો તો ખરુ. તમને કંઈક સુઝતું હોય, તો આ માટેની વાત આગલી શ્રેણીમાં કરશું. આજે સમય-થયો છે, આજે આટલું રાખીએ.

22.09.2021

# FEELINGS જિનશાસન - ૫

શાસન સમ્રાટ પૂજ્ય નેમિસૂરીશ્વરજી મહારાજ વલ્લભીની અંદર બિરાજમાન હતા. પૂજ્યશ્રી માંદા પડ્યા છે, તાવ ઉતરતો જ નથી. આ બાજુ - અમદાવાદની અંદર માકુભાઈ શેઠ એ સમયે બાળક એ પણ માંદા પડ્યા છે. માકુભાઈ ના - પિતાજી મનસુખ ભાઈ એમને ખબર પડી કે, ગુરુદેવ વલ્લભીમાં બિમાર છે, તાવ ઉતરતો નથી. મનસુખ - ભાઈએ તરત જ એક નિષ્ણાત ડોક્ટર એમને વલ્લભી મોકલી દીધા. ડોક્ટરને INSTRUCTION આપી દીધી છે કે તમારે મને કલાકે કલાકે તાર કરીને સમાચાર મોકલવાના છે, કે ગુરુદેવ ની તબિયત કેવી છે. આ બાજુ માકુભાઈ ની - TREATMENT બીજા DOCTOR કરી રહ્યા છે. ધીમે- ધીમે એમને કાંઈક સારુ થઈ રહ્યું છે, સુધારો થઈ રહ્યો છે, આ બાજુ ગુરુદેવને કંઈ દવા લાગુ પડતી નથી, સારુ થતું નથી, ડોક્ટરને કલાકે કલાકે સમાચાર મોકલવાના - કહ્યા છે પણ ડોક્ટર શું સમાચાર મોકલે. આ બાજુ ડોક્ટર સમાચાર મોકલતા નથી, બીજી બાજુ મનસુખ ભાઈની ચિંતા વધતી જાય છે. તાર.. ઉપર તાર ... તાર...ઉપર... તાર એક દિવસ

એમણે એક રાતની અંદર ૮૦ તાર કર્યા. મારા ગુરુદેવને કેમ છે એમની તબીયતના સમાચાર મળવા માટે. વર્તમાન જૈન સંઘ ની અવનતિ કેમ છે, કેમ સંઘ અનેક આપત્તિઓનો ભોગ બની રહ્યો છે.

શા માટે ધર્મમાં આપણે પછાત પડતા જઈએ છીએ?

શા માટે આવું ડુંગાવા જેવું વાતાવરણ છે?

શા માટે બાહ્ય આડંબર વધ્યો છે?

મને અંદરનું બોખલું તંત્ર જરાક પડદો ઉઠાવી ને થીસ નીકળી જાય, એવી દશા આપણી શા માટે છે? એની વાત મારે તમને કરવી છે.

પરતેજમાં જે તાર માસ્તર હતા એ ચોંકી ગયા, તાજુબ થઈ ગયા કે આ કઈ વ્યક્તિ છે, જેના માટે આટલા બધા તાર આવે છે. ને એક રાતમાં ૮૦ તાર! મનસુખભાઈ નું મન માનતું નથી. અહીંયાં જે

ડૉક્ટરની દવાથી પોતાના દીકરા ને સારું થઈ રહ્યું છે એ ડૉક્ટરને મનસુખભાઈ એ કહ્યું કે તમે હમણાં ને હમણાં, તાબડતોબ વરતેજ પહોંચી-જાવ. ગુરુદેવને સારું થતું નથી, મારા દીકરાને તમે આટલું સારું કર્યું છે અમે એનું ભરી-લેશું ને તમે અત્યારે જ ત્યાં પહોંચો ને ડૉક્ટરે કહ્યું, કે શેઠ અત્યારે બાકુભાઈ ને મૂકીને મારું ક્યાંય પણ જવું મને યોગ્ય લાગતું નથી. થોડો સુધારો છે પણ તબિયત હજુ ઘણી નાજુક છે, એમને મારી ખાસ જરૂર છે. હું ત્યાં પહોંચી એ જાઉં, TREATMENT એ કરું, કદાચ-એનાથી સારું એ થઈ જાય, પણ અહીંયા શું ?

એ સમયે મનસુખભાઈએ કહ્યું - ડૉક્ટર સાહેબ, હવે ગુરુની કૃપાથી બાકુ ને કશું નહિ થાય, અને કદાચ અમારા પુણ્ય કાચા પડ્યા ને બાકુ ના શરીરને કાંઈ થઈ ગયું ને, તો ફક્ત મને અને મારા પરિવારને દુઃખ થશે, પણ-ગુરુદેવને કાંઈક થઈ ગયું,

તો આખા સંઘને દુઃખ થશે !

આખા શાસનને દુઃખ થશે. મારું જે થવું હોય એ થાય, જે થતું હશે એ થશે, ને ઉમંગે ને ઉમંગે ગુરુદેવની પાસે પહોંચી ગયા.

ધર્માચાર્ય બહુમાનકુલક કહે છે,

जस्स गुरुम्मि न भत्ती निवसइ हिययम्मि वज्जरेहव्व ।

વજ્ર ની રેખા ની જેવી ગુરુભક્તિ જેના હૃદયની-અંદર વિકસીત નથી થઈ ગઈ,

किं तस्स जीविएण जम्मेण अहव दीक्खाए ॥

એનું જીવન કહ્યા માત્રનું જીવન છે. દીક્ષામાં એ વિડંબના સિવાય, પોતાની દુર્ગતિ સિવાય મશ્કરી સિવાય, નાટક સિવાય બીજું કશું જ નથી.

જેના હૃદયમાં વજ્ર જેવી ગુરુભક્તિ નથી!

આજે આપણી પાસે બધું જ છે. લાખો ના ચઢાવા છે, કરોડો ના અનુષ્ઠાનો છે. બેન્ડ-વાજા છે, DECORATION છે, સરસ આલિશાન પત્રિકા છે. સરસ સાથીયા છે, ઊંચા ઊંચા ગુરુપૂજનો છે. ઊંચી ઊંચી પ્રભાવનાઓ છે, બસ એક મનસુખભાઈ નથી.

પૂજ્ય નેમીસૂરીશ્વરજી મહારાજ એમણે પોતાના જીવન માં કરેલી જબરદસ્ત શાસન પ્રભાવના, એના બે મુખ્ય કારણ છે, એક

પૂજ્યશ્રીની પોતાની આધ્યાત્મિક ઉંચાઈ

અને બીજું,

શ્રાવકોનો એમના પ્રત્યેનો ભક્તિ અને સમર્પણનો ભાવ

આધ્યાત્મિક ઉંચાઈ ગુરુની થાઈ ગમે તેટલી હોય, સામે પણ જો એવો ભક્તિભાવ નથી, એવો સમર્પણ-ભાવ નથી, તો શાસનની પ્રભાવના સાકાર ના થઈ શકે. વિતરાગ સ્તોત્ર ની અંદર કલિકાલ સર્વજ્ઞ બહુ સ્પષ્ટ કહે છે,

श्राद्धः श्रोता सुधीर्वक्ता युज्येयातां यदीश तत् ।

શ્રોતા જો એકદમ શ્રદ્ધાળુ હોય ને વક્તા જો અત્યંત સદ્‌બુદ્ધિ માન હોય, તો,

त्वत्शासनस्य साम्राज्यमेकछत्रं कलावपि ॥

તો ભગવાન આ કલિકાળ ની અંદર પણ, આવા કળિયુગની અંદર પણ, આ પાંચમાં આરાની અંદર,

આ ભરતક્ષેત્રની અંદર આપના શાસનનું સામ્રાજ્ય એક છત્રી થઈ જાય. શાસનના સામ્રાજ્યને એક છત્રી થતા અટકાવનાર જે બે પરિબળો છે,

(૧) અમારા પક્ષે દુર્બુદ્ધિ.

અને

(૨) તમારા પક્ષે અશ્રદ્ધા !

ગઈકાલે શ્રમણી ભગવંતની વાત-તમને કરી, હું બહુ પ્રેમથી તમને કહું છું રસ્તામાં-એક શ્રમણી ભગવંત, તમારી સામેથી જઈ રહ્યા છે, તમને ઠીક લાગે છે, તમને છો લાગે છે. તમને હાથ જોડવાની જરૂર લાગતી નથી. તમારી એમના પ્રત્યે ની ઉપેક્ષા છે, એમનું એક પ્રકારનું અપમાન થતું હોય ને, ત્યારે સમાંતર - સમાંતર, તમે તમારું પણ અપમાન કરતા હો છો. ફક્ત શ્રમણી ભગવંત ની વાત નથી, હું તમને પૂછું અત્યારે આ જ ચોમાસામાં અમદાવાદ ની અંદર અનેક-ગચ્છાધિપતિ જી બિરાજમાન છે, અને અનેક પ્રભાવક આચાર્યો પણ બિરાજમાન છે.

ધારોકે ગચ્છાધિપતિ ભગવંત કે આચાર્ય ભગવંતને ક્યાંક જવાનું થયું, સાથે એમના એકાદ બે-શિષ્ય છે, તમારે રસ્તો બતાવવાનો છે, - MEDICAL CHECK UP નું ગોઠવી આપવાનું છે, એની માટે તમે એકાદ જણ સાથે છો, રસ્તાનું દ્રશ્ય શું હોય, એ હું તમને પુછુ છું.

જિનશાસનના જે શબ્દ કહેવાય, ગચ્છાધિપતિ ભગવંત કહેવાય, બે ત્રણ જણ એમની સાથે હોય, આ દ્રશ્ય, અને આચાર્ય ભગવંત કાલે ક્યાંક જવાના છે આટલા સમાચાર તમને મળ્યા, સંઘની અંદર આખી વાત ફેલાઈ ગઈ, સાહેબે સાત વાગ્યાનું જવાનું વિચાર્યું હતું, પોણા-સાતે બસો માણસ ઉપાશ્રયની નીચે ઉભા-હતા, બીજું કશું નથી, ક્યાંક એમને કોઈ-ડોક્ટર ને બતાવવાનું, ક્યાંક દર્શન કરવા જવાનું છે, ક્યાંક કોઈક પ્રોગ્રામમાં જવાનું છે, પ્રોગ્રામમાં તમે આવો ન આવો.

**આપણા ગણિત આખા ઉંધા છે!**

આચાર્ય ભગવંત ની પાછળ પાછળ ચાલવામાં -
પગલે- પગલે કરોડો કરોડો ભવોના કર્મોના
ભુક્કા બોલાય, આપણને આ ખબર ખરી?
શત્રુંજય ની છઠ્ઠ કરીને સાત યાત્રા કરવા તમે-
તૈયાર છો, તમારા સંઘની અંદર એકે આચાર્ય
ભગવંત બિરાજમાન હોય, તમને ખબર પણ છે કે
આવતીકાલે સાહેબ ત્યાં પધારવાના છે, એની-
ચર્ચા કરીને તમે છુટા પડી જાવ, એ આચાર્ય
ભગવંત નું ગૌરવ એ આપણે વધારતા નથી,
રસ્તા ઉપરથી એ જઈ રહ્યા છે ને એ દ્રશ્ય જોઈને
બધા છક થઈ જાય.

બીજા પંથના, બીજા ફિરકાના,
બીજા ધર્મના ગુરુઓની પાસે રાજનેતાઓ સામે
ચાલીને, અંતરિયાળ ગામડાની અંદર પણ એમના
આશિર્વાદ લે, અને એમના આશિર્વાદ લેતા પોતાના
ફોટાના ઢોલ વગાડીને પ્રચાર કરે, આપણા ગુરુ
ભગવંતો, પોતે પ્રયાસ કરીને કોઈ રાજનેતા-
એમને મળવા આવે નહિં, શાસનના કામો
લટકેલા- અટકેલા હોય, એના માટે વધારે જવાબ-
દાર ગુરુ ભગવંતો છે, કે આપણે પોતે છીએ?

આપણને જ આપણા ગુરુની પડી ના હોય,
આપણને જ આપણા ગુરુની VALUE ના હોય,
આપણે જ આપણા ગુરુનું અવ્યક્ત પણે -
INDIRECTLY પરોક્ષ રીતે, અપમાન કરી યા -
કરાવી રહ્યા હોઈએ, તો પછી બીજાને તો આપણા
ગુરુની શું પડી હોય ?

શાસ્ત્રમાં ~~[illegible]~~ સ્પષ્ટ ન્યાય આપ્યો
પૂજિતપૂજકો હિ લોકઃ।

લોકો કોની પુજા કરે, કોનો સત્કાર કરે ? જેનો
સત્કાર થઈ રહ્યો હોય, એનો સત્કાર કરે. સંઘ-
ને જ ના પડી હોય, શ્રાવકોને જ ના પડી હોય,
આપણા સાધુ-સાધ્વીજી ભગવંતોની આપણને જ
VALUE ના હોય, તો બીજાને શું VALUE
થવાની ? ને બીજાઓને VALUE ન થાય એનું
નુકશાન માત્ર મહાત્માના પક્ષે જ ? મહાત્મા તો
એમની આરાધના કરીને મસ્તીથી જીવશે.
કોઈ આચાર્ય ભગવંતને કે ગચ્છાધિપતિ ભગવંતને
અપેક્ષા નથી કે પાછળ સો-બસોનું ટોળું હોવું
જોઈએ, હું તમને કહું છું એ પા- અડધો-
કલાક, આચાર્ય ભગવંત, ગચ્છાધિપતિ ભગવંત.

એમની પાછળ ચાલવાનો જે લાભ છે, જે ગુરુ-સમર્પણ જનો ભક્તિ નો લાભ છે, એમનું ગૌરવ વધારવાનો જે લાભ છે, જે શાસનની પ્રભાવના કરવાનો જે લાભ છે એના દ્વારા PRESS, MEDIA, રાજનેતાઓ, પદાધિકારીઓ, સરકારી અધિકારીઓ, એમની નજરમાં જે ધર્મની ગરિમા વસે, એનો જે લાભ છે, એના દ્વારા શાસનના જે અદ્ભુત કાર્યો થઈ શકે એનો જે લાભ છે, હું કહું છું એક બાજુ ઘણી બધી તમારી ધર્મ-ની આરાધના હશે, ઉગ્ર તપસ્યા વગેરે હશે, મોટા દાન વગેરે હશે, પરસેવાની તમારી કમાણી, પાણી ની જેમ તમે ધર્મની પાછળ વહાવી દો, એના કરતા પણ આ,

## ગુરુનું ગૌરવ વધારવાનો લાભ વધારે છે!

ગંભીરતાથી વિચારો, મનોમંથન કરો, શું હોવું જોઈએ ? એના કેવા અજબગજબના પરિણામો છે, આપણે શું કરી રહ્યા છીએ, એના શું નુકસાનો છે, ગંભીરતાથી વિચારજો, અમલમાં લાવજો, શાસનની અભ્યુદય ચપટીમાં આવી શકે

એમ છે, જે અટકાવી શકનારા કોઈ વિસરકાર, પાંચમી આશે, જે અટકાવી શકનારા આપણે પોતે જ છીએ, આપણે સમજી જઈએ તો શાસન-નો અભ્યુદય સો ટકા આવશે, આજે સમય-થયો છે, આજે આટલું રાખીએ.

---